અગત્યનું

ખાસ ધ્યાને લેવા બાબત

ક્રમાંક:- પરચ/૧૩૨૦૧૪/૭૧/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૪

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમ/એજન્સી/કૃષિ યુનિવર્સિટીઓ
- **સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

વિષય:- E-Mail તથા IWDMS પરના પત્રો નિયમિત ધ્યાને લેવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેથી કેટલીક વિગતો સંદર્ભે તાત્કાલિક માહિતી માંગવામાં આવતી હોય છે અને તે સંદર્ભમાં ટપાલ અથવા ફેક્ષથી પત્ર પાઠવવામાં આવે છે. પરંતુ અનુભવે એવું જણાયું છે કે આ રીતે કામ કરવાથી કાર્યવાહીમાં વિલંબ થાય છે અને જરૂરી માહિતી સમયમર્યાદામાં સંકલિત કરીને મોકલી શકાતી નથી. કેટલીક વાર ફેક્ષ બંધ હોય છે તો વળી કેટલીક વાર ફેક્ષ ટોન પણ મળતી નથી. વધુમાં મોકલવામાં આવતા કાગળોની સંખ્યા વધારે હોવાથી તેની ઝેરોક્ષ કરવાથી કાગળોનો વ્યય થાય છે. આથી હવે શાખા દ્વારા મોટાભાગની ટપાલો E-Mail/IWDMSમાં મોકલવામાં આવશે, જે ધ્યાને લેવા વિનંતી છે. આથી સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો/કૃષિ યુનિવર્સિટીઓ તથા વિભાગની શાખાઓના સેકશન અધિકારીશ્રીઓને અનુરોધ છે કે તેઓ નિયમિત રીતે તેમના ઇ-મેઈલ જુએ અથવા IWDMS લોગ-ઇન(શાખાઓ બાબતે) કરીને કોમ્યુનિક/પત્રો નિયમિત જોઇ જરૂરી કાર્યવાહી કરે તેવી વિનંતી છે. આ અંગે તેવા પત્રની હાર્ડ કોપી મોકલી આપવાનું શક્ય બનશે નહી.

આપના દ્વારા માહીતિ મોકલી આપવાના પ્રસંગે તેવા જવાબની સોફ્ટ કોપી વર્ડ ફાઇલમાં તથા પીડીએફ ફાઇલમાં મોકલી આપવા પણ ખાસ અનુરોધ છે. ઉક્ત બાબતોનું ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવા સર્વેને કૃપયા વિનંતિ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

A.3-3
16/1
upload on website
16/1

કુલસચિવ વિભાગ ન.કૃ.યુ., નવસારી
જ.ઇ.નં. 350
તા. 16 JAN 2014
એડીએમ-૩ શાખા

15 JAN 2014

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૧૨૦૭-૫૬ /૨૦૧૪
નવસારી તા. ૨૧/૦૧/૨૦૧૪

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના :–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.